OM-17

## જાહેર જનતા જોગ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સરકારશ્રીનાં જાહેરનામાં ક્રમાંક:ગવન/૨૦૧૭(૦૬)/જીવીપી/૧૦૨૦૧૭/૬૧૨/એફ તા.૨૮-૦૫-૨૦૨૧થી સરકારશ્રીનાં સુધારેલ જાહેરનામાં ક્રમાંક: ગવન/૨૦૧૭(૦૬)/જીવીપી/૧૦૨૦૧૭/૬૧૨/એફ તા.૧૩-૦૯-૨૦૨૧ (નકલ સામેલ છે.)થી બહાર પાડવામાં આવેલ જાહેરનામાં મુજબ ટીમરૂપાન પાસ વનખાતાના ફોરેસ્ટ ચેકપોસ્ટ ઉપર ફરજ બજાવતા અધિકૃત વનરક્ષક, વનપાલ તેમજ પરિક્ષેત્ર વન અધિકારી **(RFO)** પાસેથી લેવાની રહેશે, જેની નોંધ લેશો.

(મેનેજીંગ ડાયરેક્ટર)

G.S.F. ... L. (10)
No. ... ૭૭
Date, ૧૦-૬-૨૦૨૧

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

જાહેરનામું

૧૪/૮, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮.૦૫.૨૦૨૧

ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭

ક્રમાંક: ગવન/૨૦૧૭/(૦૬)/જીવીપી/૧૦૨૦૧૭/૬૧૨/એફ

"ધી ગુજરાત ગૌણ વન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ ૧૯૭૯" અન્વયે આ વિભાગના જાહેરનામા ક્રમાંક :જીવીએન-૨૦૧૭-(૦૬)જીવીપી-૧૦૨૦૧૭-૬૧૨-એફ, તા.૨૪/૦૫/૨૦૧૭ થી રાષ્ટ્રીયકૃત ગૌણ વન પેદાશો જેવી કે, ટીમરૂપાન, મહુડાફુલ, મહુડાડોળી(બીજ) અને ગુંદરોને બિનરાષ્ટ્રીયકૃત તરીકે જાહેર કરવામાં આવેલ છે.

ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ ૪૧(૧) અન્વયે રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ અન્ય રાજ્યમાંથી ગુજરાત રાજયમાં લાવવામાં આવેલ માત્ર ટીમરૂપાન વાહતુક કરવા માટે પાસ આપવા પુરતી વન ખાતાના ફોરેસ્ટ ચેકપોસ્ટ ઉપર ફરજ બજાવતા વન રક્ષક, વનપાલ તેમજ પરિક્ષેત્ર વન અધિકારી(R.F.O.) ને અધિકૃત કરવામાં આવે છે.

આ સત્તાઓ નીચેની શરતોને આધિન આપવામાં આવે છે :

(૧) અન્ય રાજયોમાંથી ગુજરાત રાજ્યમાં લાવવામાં આવેલ ટિમરુપાન વાહતુક કરવા માટે આપવામાં આવેલ ટ્રાન્ઝીટ પાસની ચકાસણી કર્યા બાદ તેને જમા લઈ રાજય બહાર વાહતુક કરવા માટે ટ્રાન્ઝિટ પાસ આપવાના રહેશે .

(૨) બોમ્બે ફોરેસ્ટ રુલ્સ -1942 અન્વયે ટ્રાન્ઝીટ પાસ માટેની તમામ જોગવાઇઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(3) ટીમરૂપાનના ટ્રાન્ઝીટ પાસની માંગણી કરનારા વેપારી/ એજન્સીએ આવક/ જાવકના રજિસ્ટર નિભાવવાના રહેશે તેમજ તેઓએ ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વીસ ટેક્ષ નંબર (GST IN) અને પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN) ની વિગતો સહ સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રીની કચેરીમાં નોંધણી કરાવવાની રહેશે.

(૪) રાજયની અંદર તેમજ રાજ્ય બહાર ટ્રાન્ઝીટ પાસ આપવાની પ્રક્રિયામાં Indian Forest Act -૧૯૨૭ હેઠળની કોઈપણ જોગવાઈઓનો ભંગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૫) નિયત નમુનામાં જ ટ્રાન્ઝીટ પાસ આપવા રહેશે.

(૬) વાહતુક કરવાના થતા ટીમરૂપાનના જથ્થાની યોગ્ય ચકાસણી કરવાની રહેશે.

(૭) ટ્રાન્ઝીટ પાસ માટે માંગણીદાર પાસેથી પ્રવર્તમાન નિયમોનુસાર યોગ્ય ફી વસુલવાની રહેશે.

(૮) ટ્રાન્ઝીટ પાસ આપવાની સમગ્ર પક્રિયામાં PESA એક્ટ, ૧૯૯૬ અને ફોરેસ્ટ રાઈટ એક્ટ, ૨૦૦૬ ની જોગવાઈઓ તેમજ તે હેઠળના નિયમોનો ભંગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. જે. પંડિત)
અધિક સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજયભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (વન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HOFF), ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, વન વિકાસ નિગમ લી., વનગંગા, અલકાપુર, વડોદરા.
- સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ તરફ વિભાગની વેબસાઈટ તથા આઈડબલ્યુડીએમએસ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઇલ

G.S.F.D.C. LTD.
No. ૧૯૩ (૧)
Date. ૨૮/૯/૨૧

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ક્રમાંક: ગવન/૨૦૧૭/(૦૬)/જીવીપી/૧૦૨૦૧૭/૬૧૨/એફ

૧૪/૮, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

તા.૧૩.૦૯.૨૦૨૧

સુધારા જાહેરનામુ:

વંચાણે લીધા:(૧)ગવન/૨૦૧૭/(૦૬)/જીવીપી/૧૦૨૦૧૭/૬૧૨/એફ, તા.૨૮.૦૫.૨૦૨૧ નુ જાહેરનામુ

વંચાણે લીધા ક્રમાંક-૧ ના તા.૨૮.૦૫.૨૦૨૧ ના જાહેરનામાના પેરા-૨ માં,

"ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ ૪૧(૧) અન્વયે રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ અન્ય રાજ્યમાંથી ગુજરાત રાજયમાં લાવવામાં આવેલ માત્ર ટીમરૂપાન વાહતુક કરવા માટે પાસ આપવા પુરતી વન ખાતાના ફોરેસ્ટ ચેકપોસ્ટ ઉપર ફરજ બજાવતા વન રક્ષક, વનપાલ તેમજ પરિક્ષેત્ર વન અધિકારી(R.F.O.) ને અધિકૃત કરવામાં આવે છે."

ને બદલે નીચે મુજબ વંચાણે લેવાનું રહેશે:

"ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ ૪૧(૧) અન્વયે રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ અન્ય રાજ્યમાંથી ગુજરાત રાજયમાં લાવવામાં આવેલ તેમજ રાજ્યમાંથી એકત્રિત કરેલ ટીમરૂપાન રાજ્ય બહાર વાહતુક કરવા માટે પાસ આપવા પુરતી વન ખાતાના ફોરેસ્ટ ચેકપોસ્ટ ઉપર ફરજ બજાવતા વન રક્ષક, વનપાલ તેમજ પરિક્ષેત્ર વન અધિકારી(R.F.O.) ને અધિકૃત કરવામાં આવે છે."

વધુમાં તા.૨૮.૦૫.૨૦૨૧ ના સમાનાંકી જાહેરનામાની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. જે. પંડિત)

અધિક સચિવ

વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજયભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (વન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HOFF), ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, વન વિકાસ નિગમ લી., વનગંગા, અલકાપુર, વડોદરા.
- સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ તરફ વિભાગની વેબસાઈટ તથા આઈડબલ્યુડીએમએસ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઇલ